જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૪/૦૫/૨૦૨૩ ગુરૂવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## સરખેજ પોલીસ સ્ટેશન ૧૮૧ અભયમ હેલ્પ લાઇનના માણસોએ વૃધ્ધાનો જીવ બચાવ્યો અને સલામત જગ્યાએ મોકલી આપ્યા

તા.૨૫/૦૪/૨૦૨૩ ના રોજ એક જાગૃત નાગરીકનો ૧૮૧ અભયમ હેલ્પ લાઇન પર ફોન આવે છે અને જણાવે છે કે અમારા પાડોશમા એક વૃધ્ધ મહિલાને ઘરમા પુરી રાખેલ છે અને તેમને ત્યાથી બહાર નીકાળવા માટે મદદની જરૂર છે. જેથી ૧૮૧ અભયમ હેલ્પ લાઇનની ટીમ તથા સરખેજ પોલીસ સ્ટેશનના પોલીસ માણસો તુરંત સ્થળ ઉપર પહોચી જાય છે અને વૃધ્ધ મહિલાની શોધખોળ ચાલુ કરે છે. શોધખોળ બાદ મહિલા એક મકાનના રૂમમા પુરી રાખેલા હોય છે પરંતુ મેઇન ગેટ થી જ અંદર જવાતુ હોય મેઇનગેટ લોક મારેલ હોય છે અને તેમના વહુ પણ ઘરમાં જ રૂમ બંધ કરીને સંતાઇ ગયેલા હોય ખુબ ખખડાવેલ પરંતુ મહિલાની વહુએ દરવાજો નહિ ખોલતા વૃધ્ધ મહિલાના પુત્રનો સંપર્ક કરવા મોબાઇલ નંબર મેળવેલ અને ફોન કરી ફોન પર જ વૃધ્ધાના પુત્રનુ કાઉન્સેલીંગ કરેલ જેથી વૃધ્ધાના પુત્રએ તેની વહુને ફોન કરી સમજાવતા દરવાજો ખોલેલ અને ત્યારબાદ વૃધ્ધાને બી.પી ની દવા ચાલતી હોય તેમને શાંતીથી બેસાડી વૃધ્ધા તથા તેમના વહુને સમજાવેલ અને વૃધ્ધા તેમની વહુ સાથે રહેવા માંગતા ન હોય અસારવા સીવીલ હોસ્પીટલ સખી વન સ્ટોપ સેન્ટર ખાતે આશ્રય અપાવી ૧૮૧ અભયમ હેલ્પ લાઇનની ટીમ તથા સરખેજ પોલીસ સ્ટેશનના પોલીસ માણસોએ વૃધ્ધ મહિલાનો જીવ બચાવી તેમને સહારો આપી સુરક્ષીત જગ્યા પર મોકલી આપી સરાહનીય કામગીરી કરેલ છે.

**કામગીરી કરનાર ટીમ :-** સરખેજ પોલીસ સ્ટેશન ૧૮૧ અભયમ ટીમ



**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૭૨૬/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૮ કેસ કરી, ૨૯ વ્યક્તિઓને ઝડપી, ૮૨ લીટર દેશી દારૂ, ૨૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૬ ક્વૉટર ઈંગ્લીશ દારૂ, ૧૨ બીયરટીન અને ૦૩ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી ૧૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૨,૧૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૭૨૭/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ત્રીજા માળેથી પડી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૭૨૮/૨૦૨૩**

**નારોલઃ** વીલાલ સ/ઓ અસલમ રંગરેજ (ઉ.વ.૨૧)(રહે.કે.જી.એન.પાર્ક સોસાયટી, બાગેકૌશર ની બાજુમા નારોલ) તા.૦૨/૦૫/૨૦૨૩ સાંજના ૭/૩૦ વાગ્યાના સુમારે નારોલ મુકેશ ઇન્ડસ્ટ્રીઝ કંપનીની બાજુમા આવેલ "શ્યામ બીજનેસ હબ" મા લાઇટ ફીટીંગનુ કામ કરતી વખતે ત્રીજા માળે થી નીચે પડી જતા, શરીરે ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને મીઠાખળી સોલાર હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૩/૦૫/૨૦૨૩ બપોરના ૩/૪૫ વાગે ફરજ પરના ડૉ.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી અમૃતજી અળખાજી ચલાવે છે.

**ટ્રેઇનની અડફેટ આવી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૭૨૯/૨૦૨૩**

**સોલા હાઇકોર્ટઃ** ધરમસિભાઇ ચેહોરભાઇ દેસાઇ (ઉ.વ.૭૫)(રહે.મહાશક્તીનગર, જનતાનગર રેલ્વે ક્રોસીંગ, ઘાટલોડીયા) તા.૦૩/૦૫/૨૦૨૩ સવારના ૯/૦૦ થી ૧૦/૦૦ સુધીના સમયગાળા દરમ્યાન જનતાનગર ફાટક પાસે દશામાના મંદીરે કબુતરને ચણ નાખવા ગયા હતા ત્યારે ફાટક ક્રોસ કરતી વખતે તેમનુ ધોતીયુ રેલ્વે ટ્રેકમાં ફસાઇ જતા પડી જતા ટ્રેઇનની ટક્કર વાગતા તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી કાજલબેન ગોરધનભાઇ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૭૩૦/૨૦૨૩**

**રીવરફ્રન્ટ વેસ્ટઃ** ભાવેશ મનુભાઇ ગોહેલ (ઉ.વ.૨૩)(રહે.ચામુંડાનગર સ્વસ્તિક ચાર રસ્તા પાસે અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૦૩/૦૫/૨૦૨૩ બપોરના ૨/૦૦ વાગ્યા પહેલા નદીના પુર્વ કિનારે સરદારબ્રીજ તથા અટલબ્રીજની વચ્ચે ઇલેકટ્રીક પોલ નંબર-EJEL-૨૪૦૬ ની પાસે, રેમ્પ નંબર-૨૭ પાસેના વોક-વે નજીક નદીમાં ઝંપલાવી ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પરેશકુમાર કાનજીભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી